જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૮/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૫૫/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૬૫ | ૧૦ | ૧૦૩૭૫ | ૧૬૪૫૫ | ૧૮ | ૧૬૪૭૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૭ | ૦ | ૪૩૩૭ | ૫૮૫૨ | ૦ | ૫૮૫૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૫ | ૦ | ૪૫ | ૨૧૪ | ૫ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૭૯ | ૭ | ૧૪૦૮૬ | ૧૪૭૪૬ | ૨૫ | ૧૪૭૭૧ |
| કુલ | | ૨૮૮૨૬ | ૧૭ | ૨૮૮૪૩ | ૩૭૨૬૭ | ૪૮ | ૩૭૩૧૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૨ | ૯,૨૦,૯૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૪ | ૧,૬૪,000/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ગાયકવાડ પોલીસ સ્ટેશન :

## મોબાઇલ ચોરી કરનાર આરોપીને મુદામાલ સાથે પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.પો.લીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી “ઇ” ડીવીજન નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ ગુન્હાઓ બનતા અટકાવવા સારૂ તેમજ ગુન્હાઓ શોધી કાઢવા કરેલ હુક્મ અન્વયે સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કો યુવરાજસિંહ હન્દ્રપસિંહ બ.નં.૬૪૨૮ તથા અ.લો.ર સુરેન્દ્રસિહ અમુતસિહ બ.નં.૧૧૯૦ મળેલ બતામી હકિકત આધારે આરોપી નામે મોહમદ હાજી ઉર્ફે કાણીયો સ/ઓ કાલેખાન પઠાણ ( ધોરી ) ઉ.વ.૪૫ ધંધો.છુટક મજુરી રહે. મ.નં.૨૪૯૭ સીંધીવાડ હજીરા એફ.ડી.સ્કુલની પાછળ જમાલપુર અમદાવાદ શહેર નાને એક ઓપો કંપનીનો મોબાઇલ મળી આવેલ જે વાદળી કલરનો A11K મોડલનો જેનો IMEI નં- ૮૬૧૧૮૮૦૪૪૬૫૩૨૫૨ તથા ૮૬૧૧૮૮૦૪૪૬૫૩૨૪૫ નો જેની કિ.રૂ.૫૦૦૦/- ની મતાના સાથે પકડી લઇ કાલુપુર પો.સ્ટે દાખલ થયેલ ગુ.ર.નં.A-૧૧૧૯૧૦૨૬૨૦૦૩૫૯/૨૦૨૦ ધી.ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબનો ગુન્હો શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે અને સદરી આરોપીને કાલુપુર ખાતે સોપવા તજવીજ હાથ ઘરવામાં આવેલ છે



## ખોખરા પોલીસ સ્ટેશન :

## ખોખરા પો.સ્ટે.એ.પાર્ટ-૧૧૧૯૧૦૦૩૨૦૦૯૩૩/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબના કામે ચોરીમાં ગયેલ મોબાઇલ ફ્રોન કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરો પાસેથી રીકવર કરતો ખોખરા સર્વેલન્સ સ્કવોડ

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા અન ડિટેક્ટ ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી,વાય.એસ.ગામીત સાહેબશ્રીનાઓના માર્ગદર્શન આધારે ખોખરા પો.સ્ટે. સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. શ્રી.આર.એન.ચુડાસમા તથા અ.હેડ.કોન્સ જીગ્નેશભાઇ જીવાભાઇ બ.નં.૯૯૨૨ તથા હે.કો. ભરતસિંહ પરષોતમભાઇ બ.નં.૭૦૩૭ તથા પો.કો.નરેન્દ્રસિંહ દાનસિંહ બ.નં.૧૦૦૩૫ તથા લો.ર.સંજયસિંહ દેહાભાઇ બ.નં.૧૪૬૪ તથા બીજા સ્ટાફના માણસો સાથે ખોખરા પો.સ્ટે.એ.પાર્ટ-૧૧૧૯૧૦૦૩૨૦૦૯૩૩/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાના ચોર મુદ્દામાલની તપાસમા હતા દરમ્યાન લો.ર.સંજયસિંહ દેહાભાઇ નાઓએ બાતમી હકીકત મળેલ કે,"બે કિશોરો જેમા એકે ક્રિમ કલરનુ હાફ બાયનુ ટી-શર્ટ તથા મહેદી કલર જેવુ હાફ પેન્ટ પહેરેલ છે તથા બીજો કિશોર જેણે સીલેટીયા કલરની ટી-શર્ટ તથા બ્લ્યુ કલરનુ પેન્ટ પહેરેલ છે જે બન્ને છોકરાઓએ મળી કોઇ જગ્યાએથી મોબાઇલ ફ્રોન ચોરી કરેલ છે જે મોબાઇલ ફ્રોન તેઓ પોતાની પાસે રાખી મણીનગર તરફ ફ્રોન વેચવા જનાર છે," જે બાતમી આધારે લાલભાઇ સેન્ટર પાસે ઉભા રહી ઉપરોક્ત વર્ણનવાળા બે કિશોર સદર જગ્યા પરથી પસાર થતા રોકી રાખી સદર કિશોરો પુખ્ત વયના ન જણાતા તેના વાલીનો સંપર્ક કરી ઉંમરની ખાત્રી કરી કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરોને પંચો તથા તેમના વાલીની હાજરીમા સદર ફ્રોન બાબતે પુછતા સદરીએ જણાવેલ કે,"હું તથા મારો મિત્ર પ્રકાશ અમો બન્ને જણા ગઇ કાલ તા.૨૫/૦૮/૨૦૨૦ ના રોજ હાટકેશ્વર બ્રીજ નીચે ફરતા ફરતા ગયેલ અને ત્યાં બ્રીજ નીચે એક જ્યુપીટર પડેલ હોય જેની ડેકી મે નીચેથી હાથ નાખી ખોલી નાખેલ અને તેમા રહેલ ઉપરોક્ત મોબાઇલ ફ્રોનની ચોરી કરી અમો બન્ને જણા ત્યાંથી નીકળી ગયેલ" જે ગુનાના કામે ચોરી થયેલ મોબાઇલ કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરો પાસેથી રીકવર કરી અનડીટેક્ટ ગુનો શોધી કાઢી પ્રશસંનીય કામગીરી કરેલ છે. તા.૨૭/૦૮/૨૦૨૦



# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## અમરાઇવાડી પોલીસ સ્ટેશન :

### પ્રોહિબીશનનો ગણનાપાત્ર કેસ કરતી અમરાઇવાડી પોલીસ

પોલીસ કમિ.શ્રી અ'વાદ શહેર તથા અધિક પો.કમિ. શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "આઇ" ડીવીજન સાહેબનાઓ તરફથી પ્રોહી/જુગારની ગેરકાયદેસર ચાલતી પ્રવૃત્તિ નેસ્તેનાબુદ કરવા મળેલ સુચના આધારે પોલીસ ઇન્સપેકટર એન.એલ.દેસાઇ સાહેબના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ એન.એમ.બારોટ તથા એલ.આર. અલ્પેશકુમાર ઘનશ્યામભાઇ બ.નં. ૧૫૦૫ તથા એલ.આર.હર્ષદ ભીખાભાઇ બ.નં. ૧૪૨૭ તથા એલ.આર. રમેશકુમાર ઇશ્વરભાઇ બ.નં.૧૨૯૧૨ તથા એલ.આર.આશિષ દિનેશભાઇ બ.નં. ૧૩૩૧ એ રીતેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક ૧૧/૦૦ વાગે અમરાઇવાડી મહાકાળી એસ્ટેટ પાસે આવતા **પો.સબ ઇન્સ. એન.એમ.બારોટ તથા એલ.આર. અલ્પેશકુમાર ઘનશ્યામભાઇ બ.નં. ૧૫૦૫** નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે " એક ઓટો રીક્ષા જેનો રજી નં GJ-01-BY-8817 નો ચાલક પોતાની રીક્ષામા કેટલોક ગે.કા. નો ઇગ્લીશ દારૂનો જથ્થો રાખી લઇ અમરાઇવાડી રબારીકોલોની ચાર રસ્તા તરફથી આવી સ્વસ્તિક ચાર રસ્તા તરફ જવાનો છે " જે બાતમી હકિકત આધારે ઉપરોક્ત નંબર વાળી રીક્ષા આવતી જણાતા સદર રીક્ષાને રોકી રીક્ષામાથી **ગે.કા. ભારતીય બનાવટની McDOWELL'S No.-1 SUPERIOR WHISKY,ORIGINAL, FOR SALE IN HARYANA ONLY લખેલ ઇંગ્લિશ દારૂની બોટલો નંગ-૬૮ કિ.રૂ. ૪૦,૮૦૦/- તથા સદર ગુનામા વપરાયેલ ઓટો રીક્ષા GJ-01-BY-8817 ની કિ.રુ ૪૦,૦૦૦/- મળી કુલ્લે રુ ૮૦,૮૦૦/-** ની મત્તાના પ્રોહિ.મુદ્દામાલ કબ્જે કરી આરોપી જીવનભાઇ તુકારામ પવનીકર ઉ.વ. ૪૨ રહે. મોહનલાલની નવી ચાલી, નરસિંહજીના મંદીર પાછળ, ગોમતીપુર અમદાવાદ શહેર તથા સદર પ્રોહિ જથ્થો આપનાર અને નહિ પકડાયેલ વોન્ટેડ આરોપી સુનિલ ખટીક ઉર્ફે કચોરી રહે. રામોલ અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમા કાયદેસર કાર્યવાહી કરી પ્રોહિનો ગણનાપાત્ર કેસ કરેલ છે.

**આરોપીઓના નામ :-**

૧- જીવનભાઇ તુકારામ પવનીકર ઉ.વ. ૪૨ રહે. મોહનલાલની નવી ચાલી, નરસિંહજીના મંદીર પાછળ, ગોમતીપુર અમદાવાદ શહેર તથા

૨- વોન્ટેડ આરોપી : સુનિલ ખટીક ઉર્ફે કચોરી રહે. રામોલ અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ:**

પો.સબ.ઇન્સ એન.એમ.બારોટ તથા એલ.આર. અલ્પેશકુમાર ઘનશ્યામભાઇ બ.નં. ૧૫૦૫ તથા એલ.આર.હર્ષદ ભીખાભાઇ બ.નં. ૧૪૨૭ તથા એલ.આર. રમેશકુમાર ઇશ્વરભાઇ બ.નં.૧૨૯૧૨ તથા એલ.આર.આશિષ દિનેશભાઇ બ.નં. ૧૩૩૧ **બાતમી આપનાર:-** પો.સબ.ઇન્સ એન.એમ.બારોટ તથા એલ.આર. અલ્પેશકુમાર ઘનશ્યામભાઇ

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**કાગડાપીઠ પોલીસ સ્ટેશન :-**

## પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી માણસો બોલાવી નાંણા ઉઘરાવી જુદા જુદા કલરના ટોકન સાથે જુગાર રમતા છ ઇસમોને પકડી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર પ્રોહી/જુગારની ગેરકાયદેસરની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય અને જુગારના કેસો શોધી કાઢવા પોલીસ ઇન્સપેકટરશ્રી એમ.એ.સિંહ નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ.શ્રી પી.કે.ગોહિલ તથા સર્વેલન્સ સ્કોર્ડના માણસો સાથે તા.૨૭/૦૮/૨૦૨૦ ના કલાક ૧૬/૨૦ વાગે કાકરીયા રોડ વાણીજ્યભવન સર્કલ પાસે આવતા પો.સ.ઇ.શ્રી પી.કે.ગોહિલ નાઓને બાતમી હકીકત મળેલ કે "પ્રમોદભાઈ ઉર્ફે પ્રેમ ભગવતીપ્રસાદ સોલંકી રહે.ન્યુ રાધાકિશન સોસાયટી બોરડી મીલની ચાલી કાંકરીયા રોડ અમદાવાદ શહેર નાનો બહારથી માણસો બોલાવી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડી નાળ ઉઘરાવી પોતાના અંગત ફાયદા સારૂ પોતાના ઘરે જુગાર રમાડે છે" વિગેરે મતલબની બાતમી આધારે બાતમી હકીકતવાળી જગ્યાએ રેઇડ કરતા નીચે જણાવેલ આરોપીઓને પકડેલ છે.

(૧) પ્રમોદભાઈ ઉર્ફે પ્રેમ ભગવતીપ્રસાદ સોલંકી ઉ.વ.૪૧ રહે.મ.નં.૫૬/૬, ન્યુ રાધાકિશન સોસાયટી બોરડી મીલની ચાલી કાકરીયા રોડ (૨) પુનમભાઈ ભયજીભાઈ ઠાકોર ઉ.વ.૪૮ રહે.ઘંટીવાળોવાસ વિસલપુર તા.દસ્ક્રોઈ જી.અમદાવાદ. (૩) વિનોદભાઈ કેશવલાલ પરમાર ઉ.વ.૫૪ રહે.ધનજીભાઈ ની ચાલી મેઘાણીનગર (૪) વિષ્ણુભાઈ શંકરભાઈ પટેલ ઉ.વ.૫૯ રહે.બી/૨૦૨ રતનરાજ સોસાયટી સરધાસણ ચાર રસ્તા પાસે ગાંધીનગર. (૫) પ્રહલાદભાઈ રામલાલ શાહ ઉ.વ.૫૪ રહે.ભાવસાર શેરી જૈન દેરાસરની બાજુમાં સરખેજ (૬) પ્રકાશભાઈ વિનોદભાઈ ઠાકોર ઉ.વ.૨૯ રહે.બોરડીમીલની ચાલી હીરાભાઈ માર્કેટની સામે કાકરીયા રોડ અમદાવાદ

સદરી હકીકતવાળી જગ્યાએ આરોપી નં.૦૧ નાનો પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ પોતાના ઘરે બહારથી માણસો બોલાવી ગંજીપાના તથા કોઇન (ટોકન) થી હારજીતનો જુગાર રમી રમાડતા રોકડ નાણા રૂપીયા ૪૫,૦૦૦/- તથા મોબાઇલ નંગ-૦૪ કિં.રૂ.૧૧,૦૦૦/- મળી કુલ્લે રૂ.૫૬,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ૦૬ ઇસમો વિરૂધ્ધ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૫૨૦૧૧૨૦/૨૦૨૦ ધી જુગાર ધારા કલમ ૪, ૫ મુજબનો ગુનો દાખલ કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢવામા આવેલ છે.

# ગુમ/અપહરણ ના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નિકોલ પોલીસ સ્ટેશન :-

### નિકોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૭૦/૨૦૧૬ ઈપીકો કલમ ૩૬૩ મુજબના કામે છેલ્લા ચાર વર્ષથી મળી ન આવતા ભોગ બનનાર અવનીબેન ડો/ઓ ભરતભાઈ ગજેરા ને શોધી કાઢતી નિકોલ પોલીસ

મે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધીક પો કમિશ્નર શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર વધુમા વધુ ગુનાના કામે શોધવાના બાકી બાળકોને શોધી કાઢવા સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આઇ ડીવીઝન સા નાઓના સીધા માર્ગદર્શન અને સુચના આધારે પો.ઈન્સ.શ્રી વી.ડી.ઝાલા નાઓના માર્ગદર્શન હેઠળ નિકોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૭૦/૧૬ ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબના કામે ફરીયાદી શ્રી ભરતભાઇ બાવચંદભાઇ જાતે ગજેરા (પટેલ) ઉ.વ.૪૨ રહે. સી/૩૦૪ ઓમ શાંતિ રેસીડેન્સી, સેવન ડે સ્કુલની સામે નિકોલ અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે તેઓની દિકરી નામે અવની ઉ.વ.૧૭ વર્ષ ૧૬ દિવસ નાની તા.૩૧/૫/૧૬ ના કલાક.૯/૩૦ વાગ્યાથી ૧૨/૧૫ વાગ્યા સુધીના સમય ગાળા દરમ્યાનમાં ફરીયાદીશ્રીના મકાનથી શિવમ એપાર્ટમેન્ટ ઉત્તમનગર નિકોલ સુધીના રસ્તામાંથી કોઇપણ અજાણ્યા ઇસમે કોઇપણ કારણસર ફરીયાદીશ્રીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઇ ગયેલ હોય આ કામે ભોગ બનનાર છેલ્લા ચાર વર્ષથી મળી આવતી ન હોય તાબાના હે.કો.મોહનલાલ ધીરાભાઈ બ.નં.૯૩૮૦ તથા હે.કો.દિપકકુમાર દલપતભાઈ બ.નં.૯૬૩૦ તથા પો.કો.મહેશભાઈ મનજીભાઈ બ.નં.૧૦૩૩૧ તથા એલ.આર ધર્મેશકુમાર લાભુભાઈ બ.નં.૫૧૮ તથા એલ.આર. અજયસિંહ કનુજી બ.નં.૧૧૩૦૭ તથા એલ.આર.નરેશકુમાર હિંમતભાઈ બ.નં.૧૩૦૧૯ નાઓને ભોગ બનનાર ને શોધી કાઢવાના પુરતા પ્રયત્નો કરવા સુચના કરતા ભોગબનનારની કોલ ડીટેલ તથા તેઓના સગા સબંધીઓને વિશ્વાસમા લઈ પુછ્પરછ કરતા ભોગ બનનારની માતા જાગૃતિબેન તે ભરતભાઈ બાવચંદભાઈ ગજેરાની પત્ની નાઓએ જણાવેલ કે ભોગ બનનાર અવની હાલમા ગામ-આરબ ટીંબડી તા-જેતપુર જી-રાજકોટ ખાતે હોવાની અને એકાદ અઠવાડીયા અગાઉ મો.નં.૯૯૨૫૮ ૧૦૮૮૪ ઉપરથી ફોન કરી પોતાની સાથે વાતચીત કરેલ હોવાનુ જણાવતા તેઓને ભોગબનનાર ને અત્રે પોતાના ઘરે બોલાવવા સમજ કરેલ અને ભોગ બનનાર આવી જાય એટલે ફોન મારફતે જાણ કરવા સમજ કરતા આજરોજ તા.૨૮/૦૮/૨૦૨૦ ના રોજ કલાક ૧૧/૦૦ વાગે તેમના ઘરે આવતા ફોન કરી જાગૃતિબેન મારફતે અત્રે જાણ કરતા ભોગ બનનાર અવની ડો/ઓ ભરતભાઈ બાવચંદભાઈ ગજેરા તે સુરેશભાઈ ગોવિંદભાઈ ઉંધાડ ની પત્ની ઉ.વ.૨૦ નાઓની અત્રે નિકોલ પોલીસ સ્ટેશન લાવી વિગતવારની પુછપરછ કરી નિવેદન મેળવેલ છે અને ભોગબનનારને આશરે ચારેક વર્ષ જેટલા લાંબા સમયગાળા બાદ શોધી કાઢી પ્રશનીય કામગીરી કરેલ છે અને ભોગ બનનાર મળી આવ્યા સબંધે હાલ તપાસ કરી રહેલ અધિકારીને જાણ કરવામાં આવેલ છે.

## AHTU મહિલા ક્રાઇમ :

## AHTU મહિલા ક્રાઇમ અમદાવાદ શહેર ટીમ ની પ્રશંશનીય કામગીરી

મે.પોલીસ કમિશ્નર.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાંચ તેમજ નાયબ પો.કમિ.શ્રી ક્રાઇમબ્રાંચ અને મદદનીશ પો.કમિ.શ્રી મહિલાસેલ નાઓના માર્ગદર્શન હેઠળ ગુમ/અપહરણ થયેલ બાળકોને શોધી કાઢવા સારૂ સુચના આપતા (૧) સેટેલાઈટ પોલીસ સ્ટેશન ફસ્ટ **ગુ.ર.નં.૭૭/૨૦૨૦ ઇપીકો કલમ-૩૬૩,૩૬૬ મુજબનો ગુનો સેટેલાઈટ પોસ્ટે ખાતે તા-૨૦/૦૨/૨૦૨૦ ના રોજ ઉપરોક્ત નંબર થી દાખલ કરેલ** હોય જે ગુનામાં આરોપી નમુદ ન હોય આ ગુનો અનડિટેક્ટ હોય જે બાબતે ફરીયાદીશ્રીએ જેતે વખતે મહે.પો.કમિશનર સાહેબશ્રી ને રૂબરુ મળી તેમને દિકરી ની શોધવા રજુઆત કરતા આ ગુનાની તપાસ મહે.પો.કમિશનર સાહેબ શ્રીએ તા-૧૫/૦૩/૨૦૨૦ના રોજ અમોને સોંપતા જે તપાસ અમોએ સંભાળી લઈ આ કામે ભોગબનનાર નુ INSTAGRAM ID મળી આવતા તેના પરથી આઈ.પી એડ્રેસ મેળવી સદરી આઈ.પી એડ્રેસ ઉપરથી સર્વિસ પ્રોવાઈડર પાસેથી કાર્યરત મો.નં-૭૭૫૮૦૫૦૧૫૪ મેળેલ જે મોબાઈલ નંબર પરની કોલ ડીટેઈલ કઢાવેલ અને સદરી મોબાઈલ બંધ હોય તે મોબાઈલ નંબર ના I.M.E.I નંબર ઉપરથી કુલ 5 મોબાઈલ નંબર મળી આવેલ જેમાથી ચાલુ મોબાઈલ નંબર-9173097108 નુ સી.ડી.આર એનાલીસીસ કરતા સદરી નંબરનુ રાજકોટ ખાતે લોકેશન મળતા એક ટીમ રાજકોટ ખાતે મોકલી આપેલ અને ઉપરોક્ત મોબાઈલ નંબર નો ઉપયોગ ગૌતમ બટુકભાઈ ગોરવા કરતો હોય તેની પાસેથી શકદાર આરોપી મેઘરાજ વિનોદભાઈ ગોરવા નો મો.નં.૯૭૬૬૫૫૭૧૦૬ મેળવી સકદાર આરોપી તથા ભોગબનનાર મુંબઈ(વીરાર) ખાતે રહેતા હોવાની હકિકત મળતા રાજકોટ થી પરત આવેલી ટીમ તુરંત મુંબઈ(વીરાર) ખાતે મોકલી આપી તપાસ કરાવતા આરોપી તથા ભોગબનનાર બન્ને મુંબઈ(વીરાર) થી અમદાવાદ અને અમદાવાદ થી પરત બરોડા નુ મોબાઈલ લોકેશન ટ્રેસ થતા બરોડા ખાતે જઈ આરોપી મેઘરાજ તથા ભોગબનનાર ને પકડી લાવી અનડિટેકટ ગુનો શોધી કાઢેલ છે.

કામગીરી કરનાર અધીકારી/કર્મચારીની વિગત- પો.ઇન્સ આર.એ.જાદવ, પો.સબ.ઇન્સ જી.આર ચૌહાણ તેમજ હે.કો રણજીતભાઇ ચંપકલાલ બ.નં-૫૫૫૧ ,પો.કો વિજયભાઇ જયરામભાઇ બ.ન ૩૮૭૪, પો.કો નીલમકુમારી પંકજકુમાર બ.નં-૭૩૪ તથા પો.કો ડ્રાઈવર મહેશભાઈ છગનભાઈ બ.નં-૨૮૦૧ હે.કો. ડ્રાઈવર પ્રવિણસિંહ ઉદેસિંહ બ.નં-૩૦૪



# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**સાબરમતી પોલીસ સ્ટેશન :-**

## સાબરમતી વિસ્તારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો કુલ્લે રૂપિયા ૪,૫૭,૭૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી લેતી સાબરમતી પોલીસ

મેં પોલીસ કમિશ્નરશ્રી સાહેબ અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-1 સાહેબ નાઓ તરફથી પ્રોહી/જુગારની બદી નેસ્ત નાબુદ કરવા સારૂ આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સાબરમતી પો.સ્ટે. પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી આર.એચ.વાળા તથા પો.સ.ઇ.શ્રી બી.પી.ભેટારીયા તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન ખાતે ફરજ ઉપર હાજર હતા આ દરમ્યાન પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી આર.એચ.વાળા સાહેબ નાઓને ખાનગી બાતમી હકીકત મળેલ કે “ સાબરમતી સીટી ગોલ્ડ સીનેમા સામે આવેલ તપોવનની ચાલીના નાકે એક ફોર વ્હીલર સફેદ કલરની સ્વીફ્ટ ગાડી નંબર- GJ-18-BB-8337 નો ચાલક તેના નાણાકીય લાભ સારૂ બહારથી કેટલોક ભારતીય બનાવટનો વિદેશીદારુનો જથ્થો વેચાણ કરવા સારૂ લાવેલ છે જે હાલમાં ગાડીમાં રાખેલ જથ્થો સગેવગે કરવાનો છે " જે હકીકત આધારે સ્ટાફના માણસો સાથે પંચો સાથે રાખી હકીકતવાળી જગ્યા જઇ રેઇડ કરતા ભારતીય બનાવટનો વિદેશીદારુના જથ્થા સાથે એક ઇસમને ઝડપી લીધેલ અને તેઓ પાસેથી કુલ્લે રૂપિયા ૪,૫૭,૭૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી પકડાયેલ ઇસમ વિરૂધ્ધ સાબરમતી પોલીસ સ્ટેશન પાર્ટે-સી-ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૯૨૦૧૨૫૧/૨૦૨૦ થી પ્રોહી કલમ -૬૫(એ)(ઇ), ૧૧૬(બી),૯૮(૨),૮૧ મુજબનો ગુનો દાખલ કરી પ્રોહીબીશનનો ક્વોલીટી કેસ શોધી કાઢવામાં આવેલ છે અને આગળની તપાસ સર્વલન્સ સ્કોડ પો.સ.ઇ.સુશ્રી બી.પી.ભેટારીયા નાઓએ સંભાળે છે તા-૨૭/૦૮/૨૦૨૦

આરોપીના નામ : (૧) કરણભાઇ કાનજીભાઇ છારા ઉ.વ.-૨૯, રહેવાસી-છારાનગર અચેરગામ સાબરમતી અમદાવાદ શહેર

વોંટેડ : - (૨) વિદેશીદારૂનો જથ્થો આપનાર મુકેશ, રાજસ્થાન જેનું પુરુ નામ સરનામુ ખબર નથી જેનો મોબાઇલ નંબર- ૮૮૨૪૧૩૦૭૧૯ નો છે તે તથા ગાડીના માલીક

મુદ્દામાલ :-

વિદેશી દારુ કુલ બોટલ નંગ-૭૪ કિ.રૂ.૩૭,૦૦૦/- તથા ક્વાટર નંગ-૪૨ કિ.રૂ.૪૨૦૦/- તથા સ્વીફ્ટ ડીઝાયર ગાડી નંબર- GJ-18-BB-8337 કિ.રૂ. ૪,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૩ કિ.રૂ.૮૫૦૦/- તથા અંગજડતી નાણા રૂ.૮,૦૦૦/- મળી કુલ રૂ.૪,૫૭,૭૦૦/- નો મુદ્દામાલ

સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

(૧) પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી આર.એચ.વાળા (૨) પો.સબ.ઇન્સ. બી.પી.ભેટારીયા (૩) મ.સ..ઇ.રામમોહન ધરમસિંહ બ.નં.-૮૧૪૨ (૪) અનાર્મ હેડ કોન્સ. જગદીશકુમાર વિનોદચંદ્ર બ.નં.૮૫૨૪ (૫) પો.કો.હિતેષકુમાર મોહનભાઇ બ.નં.-૫૯૫૯ (૬) પો.કો.કમલેશભાઇ સોમાભાઇ બ.નં.-૫૭૧૧ (૭) પો.કો. વિજયસિંહ પૃથ્વીસિંહ બ.નં.-૫૭૫૫ (૮) પો.કો. સંદીપકુમાર નટવરલાલ બ.નં.૮૭૯૮ (૯) લોકરક્ષક શક્તિસિંહ જગદીશસિંહ બ.નં.૦૪૪૩ (૧૦) લોકરક્ષક ધર્મેન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.નં.૧૦૭૦ (૧૧) લોકરક્ષક અજયકુમાર નરસિંહભાઇ બ.નં.૧૪૦૨ (૧૨) લોકરક્ષક કમલેશકુમાર સાગરભાઇ બ.નં.૮૦૫૫

# <u>તડીપાર ઇસમની અટકાયતની વિગત</u>

## <u>ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :-</u>

### <u>તડીપાર ઇસમને પકડી કાયદેસરની કાર્યવાહી કરતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ</u>

મે.પો.લીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી “ઇ” ડીવીજન નાઓ તરફથી તડીપાર કરેલ ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ તડીપાર ઇસમોને શોધી કાઢવા કરેલ હુક્મ અન્વયે સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કો મુકેશભાઇ રમેશચંદ્ર બ.નં.૧૩૦૩૮ તથા અ.લો.ર કુલદિપભાઇ ગોવિંદભાઇ બ.ન.૧૨૭૩૧ નાઓને મળેલ બતામી હકિકત આધારે અત્રેના પો.સ્ટે તડીપાર હુકમ નં.ક્રમાંક- પી.સી.બી/૧૫/૨૦૧૯ તા-૧૮/૦૨/૨૦૧૯ થી બે વર્ષ માટે અમદાવાદ શહેર તથા તેની લગોલગના જીલ્લાઓમાંથી તડીપાર હોવા છતા કોઈપણ જાતની સત્તાધિકારીની મંજુરી વગર અત્રેની હદમાં પ્રવેશી પો.કમિશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમનો ભંગ કરી અત્રે પ્રવેશેલ ઇસમ નામે મારૂફ ઉર્ફે લલ્લો S/O અખ્તરહુસેન અબ્દાલ ઉ.વ.૩૦ ધંધો.વેપાર રહે.મ.નં.૧૨૮૭ નવગજાપીરનો ટેકરો અબ્દાલવાડ જમાલપુર અમદાવાદ શહેર નાને આજરોજ તા.૨૭/૦૮/૨૦૨૦ ના રોજ શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે



# પાસા અટકાયતની વિગત

## કાલુપુર પોલીસ સ્ટેશન :-

## મિલકત સંબંધી આરોપીની "પાસા" હેઠળ અટકાયત કરતી કાલુપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, "ડી" ડીવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ મિલ્કત સંબંધી બનાવો અટકાવવા તેમજ આવા બનાવોમાં પકડાયેલા આરોપી વિરૂધ્ધ અટકાયતી પગલાં લેવા તેમજ આવા મિલ્કત સંબંધી ગુનાઓની પ્રવૃતિ સદંતર નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી કાલુપુર પોલીસ સ્ટેશન નાઓએ અત્રેના પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેરના અન્ય વિસ્તારમાં મિલ્કત સંબંધી ગુનાઓમાં પકડાયેલ ઇસમો નાઓની વિરૂધ્ધમાં ગુનાઓ એકત્ર કરી કરાવી મિલ્કત સંબંધી ગુનામાં પકડાયેલ નીચે જણાવેલ ઇસમ વિરૂધ્ધમાં અત્રેથી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરનાઓને પાઠવી મે.પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંકઃ પીસીબી/ડીટીએન/પાસા/૭૩૬/૨૦૨૦ તા.૨૬/૦૮/૨૦૨૦ ના રોજથી મધ્યસ્થ જેલ લાજપોર, સુરત ખાતે સદર ઇસમને પાસા અટકાયતમાં લેવાનો હુકમ કરેલ હોય જેથી સદર ઇસમને આજરોજ તા.૨૭/૦૮/૨૦૨૦ ના કલાક ૧૫/૩૦ વાગે ઉપરોક્ત "પાસા" હુકમની બજવણી કરી સદર ઇસમને યોગ્ય કેદી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર, સુરત ખાતે પાસા અટકાયતમાં મોકલી આપવા તજવીજ કરેલ છે.

પાસા અટકાયતી આરોપીનું નામ: ઐયુબખાન ઉર્ફે બટકો યુસુફખાન પઠાણ ઉ.વ.-૨૯ ધંધો-છુટક મજુરી રહે.-મદની મહોલ્લો, મ્યુ.દવાખાનાની પાછળ, ત્રણ બત્તી, નવી મસ્જીદ સામે, ટોપી મીલના ઢાળ પાસે, ગોમતીપુર અમદાવાદ શહેર



## નરોડા પોલીસ સ્ટેશન :-

**(૧)**

### શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૦૧/૨૦૧૮ ધી ઇપીકો કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૫૦૬(૨), ૨૯૪(ખ) મુજબ તથા (૨) નરોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૨૯/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૩૭, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબ તથા (૩) નરોડા પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૨૨૪૮/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબના ગુના દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૭૪૦/૨૦૨૦ તા-૨૭/૦૮/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૨૭/૦૮/૨૦૨૦ ના કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૨૭/૦૮/૨૦૨૦

આરોપીનુ નામ -

"ઇમ્તીયાઝ ઉર્ફે કાલીયા ઇકબાલભાઇ કચ્છી ઉ.વ.૨૮ રહે.જીકરહાસમની ચાલી નુરાની મસ્જીદની પાછળ, નરોડા પાટીયા, નરોડા અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



**(૨)**

## પ્રોહીબીશનના ગુનામાં પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૨૨૭/૨૦૧૮ તથા (૨)નરોડા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૦૯૮/૨૦૧૯ તથા (૩) નરોડા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૧૨૫/૨૦૧૯ તથા (૪) નરોડા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૨૨૯/૨૦૧૯ તથા (૫) નરોડા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૦૨૨૭/૨૦૨૦ તથા (૬) નરોડા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૨૨૪૧/૨૦૨૦ મુજબના ગુનાઓ દાખલ થયેલ જે આરોપણ વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૭૪૯ /૨૦૨૦ તા.૨૭/૦૮/૨૦૨૦ ના હુકમ આધારે તા.૨૭/૦૮/૨૦૨૦ ના કલાક- ૧૭/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૨૭/૦૮/૨૦૨૦

આરોપીનુ નામ -

"અરૂણાબેન વા/ઓ ભુપતભાઇ ઉર્ફે ભુરાભાઇ ચુનારા (દંતાણી)ની વિ.પત્ની ઉ.વ.૫૦ રહેવાસી: નળ રાજાના ટેકરાના છાપરામાં, માછલી સર્કલ પાસે, નરોડા અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા હે.કો ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭


## સરખેજ પોલીસ સ્ટેશન :-

## મીલ્કત સંબંધી ગુનાના આરોપીની “પાસા” હેઠળ અટકાયત કરતી સરખેજ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, ”એમ” ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ મીલ્ક્ત સંબંધી બનાવો અટકાવવા તેમજ આવા બનાવોમાં પકડાયેલા આરોપી વિરુધ્ધ અટકાયતી પગલાં લેવા તેમજ આવા મીલ્કત સંબંધી ગુનાઓની પ્રવૃત્તિ સદંતર નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી સરખેજ પોલીસ સ્ટેશન નાઓએ અત્રેના પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેરનાં અન્ય વિસ્તારમાં મીલ્કત સંબંધી ગુનાઓમાં પકડાયેલ ઇસમ વિરુધ્ધમાં ગુનાઓ એકત્ર કરી કરાવી મિલ્કત સંબંધી ગુનામાં પકડાયેલ નીચે જણાવેલ ઇસમ નાઓ વિરુધ્ધમાં અત્રેથી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી,અમદાવાદ શહેર નાઓને પાઠવી મે.પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંકઃ પીસીબી/ડીટેઇન/૭૪૩/૨૦૨૦ તા-૨૭/૦૮/૨૦૨૦ ના રોજથી મધ્યસ્થ જેલ લાજપોર, સુરત ખાતે સદર ઇસમને પાસા અટકાયતમાં લેવાનો હુકમ કરેલ હોય જેથી સદરી ઇસમને તા-૨૭/૦૮/૨૦૨૦ ના કલાક ૨૨/૦૦ વાગ્યે ઉપરોક્ત “પાસા” હુકમની બજવણી કરી સદર ઇસમને યોગ્ય કેદી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા અટકાયતમાં મોકલી આપવા તજવીજ કરેલ છે

### આરોપી

(૧) રઇશ સ/ઓ અલ્તાફભાઇ હાકમભાઇ શેખ  ઉવ-૨૫ રહે.ઉધમા ડુપ્લેક્ષ ,જેરાનાં મસ્જીદની બાજુમાં,બિસ્મીલ્લા બેકરીનાં ખાંચામાં,મસ્તાન મસ્જીદની પાસે, ફતેહવાડી,વેજલપુર અમદાવાદ



## રાણીપ પોલીસ સ્ટેશન :-

## મિલ્કત સબંધી ગુના આચરતા આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓ ના માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલાનાઓ દ્વારા દાખલ થયેલ મિલકત સબંધી ગુના (૧) સરખેજ પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં.૧૪૪૨/૨૦ ઇપીકો. કલમ ૩૭૯, ૧૧૪ (૨) રાણીપ પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં-૦૬૭૬/૨૦ ઇપીકો. કલમ ૩૭૯,૧૧૪ (૩) રાણીપ પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં-૦૬૭૭/૨૦ ઇપીકો. કલમ ૩૭૯,૧૧૪ ના કામે પકડાયેલ આરોપીઓ (૧) મુસ્તકીમ ઝાકીરહુસેન શેખ ઉ.વ.૨૩ રહે.બ્લોક નં-૧ રૂમ.નં.૧૦ રૂસ્તમ મીલ ઔડાના મકાનમાં, દુધેશ્વર રોડ, ગુરૂદ્વારા સામે, શાહિબાગ,અમદાવાદ તથા (૨) જાહિદ સ/ઓ ગુલામ મોયુદીન શેખ ઉ..વ.૩૩ રહે.બ્લોક નં.૧ રૂમ.૦૧ રૂસ્તમ મીલ ઔડાના મકાનમાં દુધેશ્વર રોડ ગુરૂદ્વારા સામે શાહિબાગ અમદાવાદ નાઓની વિરૂદ્ધ મા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ નંબર ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૭૩૭/૨૦૨૦ તા.૨૭/૦૮/૨૦૨૦ તથા પાસા હુકમ નંબર ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૭૩૮/૨૦૨૦ તા.૨૭/૦૮/૨૦૨૦ ના રોજથી હુકમ કરતા સદર આરોપીઓ ને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ:-૨૭/૦૮/૨૦૨૦ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપીઓને સુરત લાજપોર જેલ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**કામગીરી કરનાર કર્મચારી**

**(૧) અ.હેડ કોન્સ પ્રવિણકુમાર દલસંગભાઇ બ.નં.૪૦૮૪**

**(૨) અ.પો.કો. શૈલેશકુમાર મહાદેવભાઇ બ.નં. ૯૭૫૪**

**(૩) અ.લો.ર.દિલીપભાઇ વિરજીભાઇ બ.નં.૧૧૯૪૬**

**(આરોપી મુસ્તકીમ )** **(આરોપી ઝાહીદ)**




## **ખોખરા પોલીસ સ્ટેશન :-**

### **પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા કરતી ખોખરા પોલીસ**

મે. પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર નાઓએ સુચના આપેલ કે, પ્રોહીબીશનના ગુનાઓ સબબ પકડાયેલા ઈસમો વિરૂધ્ધ પાસા જેવા અસરકારક અટકાયતી પગલા લેવા, જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી વાય.એસ.ગામીત નાઓએ શરીર સબંધી ગુનાઓમાં પકડાયેલ આરોપી **જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુ ઉર્ફે મામા વિઠ્ઠલભાઈ ઉ.વ ૨૬ રહે.ગામ સલુણ ચોપટીપુરા વિસ્તાર તા.નડિયાદ જિ.ખેડા**નાના વિરૂધ્ધ જરૂરી પુરાવાઓ એકત્રીત કરી આરોપીઓ વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત ભરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓને પાઠવતા તેઓ સાહેબશ્રીએ આરોપી વિરૂધ્ધમાં અનુક્રમે પાસ હુકમ નં. **પીસીબી /ડીટીએન /પાસા /૭૪૮ /૨૦૨૦ તા.૨૭/૦૮/૨૦૨૦** થી પાસા અટકાયતનો હુકમ કરતા ખોખરા પોલીસ સ્ટેશનના પો.સબ ઈન્સ.શ્રી આર.એન.ચુડાસમા તથા સ્ટાફના માણસો મારફતે હકિકત મેળવી આરોપીઓને પકડી લાવતા પાસા અટકાયતના હુકમ આધારે તા.૨૭/૦૮/૨૦૨૦ ના રોજ પાસા હુકમની બજવણી કરી લાજપોર જેલ સુરત ખાતે કેદ રહેવા સારૂ જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૩૯૨ લીટર દેશી દારૂ, ૧૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૨ ક્વાર્ટર, ૨ મોટર સાયકલ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૬,૦૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૮/૨૦૨૦**

**ઇસનપુરઃ** કરણભાઇ નારણભાઇ દેસાઇ (ઉ.વ.૪૯) (રહે.ચામુંડા પાર્ક ન્યુ આરતી સોસાયટી સામે ઘોડાસર ઇસનપુર) એ તા.૨૭/૦૮/૨૦૨૦ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કરણભાઈ દેસાઈ એ મોબીક્વીક એપ્લીકેશન દ્વારા ટોરેંટ પાવરનુ લાઇટ બીલ ભરતા જે લાઇટ બીલ ભરાયેલ નહી અને પૈસા કપાઇ જતા કરણભાઈ દેસાઈએ તા.૧૦/૦૭/૨૦૨૦ કલાક ૧૨/૦૦ થી તા.૨૪/૦૭/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન ગુગલ પરથી મોબીક્વીક અમદાવાદ કસ્ટરમર કેર સર્ચ કરતા મોબાઇલ નંબર-૮૧૬૭૪૭૦૨૨૨૮ પર વાત કરનાર તથા અન્ય મોબાઇલ નંબર- ૬૨૦૬૦૭૬૪૩૪ તથા ૯૯૦૧૭૭૧૨૨૨ ના ધારકે કરણભાઈ દેસાઈ પાસે તેમના મોબાઈલમાં ક્વીક સ્પોર્ટ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી તેનો પાસવર્ડ મેળવી એક લીંક મોકલી જે લીંક અન્ય નંબર પર ફોર્ડવર્ડ કરાવી ઓ.ટી.પી.નંબર મેળવી લઇ કરણભાઈ દેસાઈના બેંકના ખાતામાંથી ઇન્ટરનેટના માધ્યમથી અલગ-અલગ ટ્રાંઝેક્શન કરી કુલ રૂપિયા ૧,૦૦,૮૩૦/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.બી.સાંખલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૯/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** રમેશભાઇ લલ્લુભાઇ રબારી (ઉ.વ.૪૮) (રહે. સુરધીનગર સોસાયટી ભાવિન વિદ્યાલયની બાજુમા ચાંદલોડીયા) એ આર્થિક સંકડામણને કારણે તા.૨૭/૦૮/૨૦૨૦ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ચાંદલોડીયા આંબલી બોપલ વચ્ચે સોલાબ્રીજ નજીક ટ્રેઈન નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણવીરસિહ વજેસિહ ચલાવે છે.

**આનંદનગરઃ** આનંદ નારાયણભાઈ જાધવ (ઉ.વ.૪૫) (રહે. કૃષ્ણધામ વિભાગ-૨ આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૦ રાતના ૮/૫૫ વાગ્યાના સુમારે સાલપુરા ફાટક પાસે કુષ્ણધામ ઔડા ના મકાન વિ-૨ બ્લોકનં ૧૨ ત્રીજો માળે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુનીરમહમદ ઇસુબમીયા ચલાવે છે.

**નરોડાઃ** બાબુભાઇ બેહચરદાસ પટેલ (ઉ.વ.૫૯) (રહે.ગ્લોબલ લાઇફ સ્ટાઇલ રોયલ પેલેસ સામે સોમેશ્વર મહાદેવ રોડ નરોડા નાના ચિલોડા) એ બિમારીથી કંટાળી તા.૨૭/૦૮/૨૦૨૦ સાજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના ધાબા પરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશભાઇ સુકાભાઇ ચલાવે છે.

**મણીનગરઃ** સ્નેહલબહેન રસેસભાઇ શીતવાલા (રહે. પાર્થ એમ્પાયર મણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૮/૨૦૨૦ સવારના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણસિહ તખતસિહ ચલાવે છે.

**ઇસનપુરઃ** આકાશ ઓમપ્રકાશ ગૌતમ (ઉ.વ.૨૨) (રહે.આબાદ એસ્ટેટ આબાદ મસ્જીદ પાછળ તુલસી હોટલની ગલી નારોલ રોડ ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૮/૨૦૨૦ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઇસનપુર નારોલ રોડ તુલસી હોટલની ગલી આબાદ મસ્જીદ પાછળ આબાદ એસ્ટેટ કારખાનામા પંખાના હુકમાં કાપડ બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાવજીભાઇ નાથાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી